જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૭૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૭૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯,૬૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૮૦/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ દિનેશ નવલકિશોર સોની (ઉ.વ.૫૮) (રહે. ગણપત કોલોની સિવિલ હોસ્પિટલ સામે શાહીબાગ) એ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ દુરદર્શન ટાવર સામે ડ્રાઈવ ઈન રોડ ગાલા એમ્પાયર ૯૧૮ ખાતે આરોપી (૧) કૃતેશ ભરતભાઈ શાહ (૨) ભરત રતિલાલ શાહ (૩) મૃગંધા કૃતેશભાઇ શાહ (તમામ રહે. કોર્ણાક ટાવર માનસી ક્રોસ રોડ વસ્ત્રાપુર) એ ભેગા મળી દિનેશ સોનીને રૂપિયા ૬,૦૦,૦૦,૦૦૦/– લોન અપાવવાની લાલચ આપી કમિશન પેટે દિનેશ સોની પાસેથી રૂપિયા ૭૬,૯૮,૦૦૦/– મેળવી લઈ લોન નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.ચૌધરી ચલાવે છે.

સાતમા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૮૧/૨૦૨૬**

નરોડાઃ નાના ચિલોડા સોમેશ્વર મહાદેવ મંદિર પાસે શિવાનંદ ઓપ્યુલન્સ ફ્લેટ સાઇટની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા દિલીપસિંહ ગજેન્દ્રસિંગ જાદૌન (ઉ.વ.૨૧) તા.૧૫/૦૩/૨૦૨૬ સાંજના ૦૫/૨૫ વાગ્યાના સુમારે શિવાનંદ ઓપ્યુલન્સ ફ્લેટની સાઇટના સી–બ્લોકના સાતમા માળે કલરકામ કરતા હતા ત્યારે સાતમાં માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શ્રીનાથ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૮૨/૨૦૨૬**

વાડજઃ દિપમાલાબહેન વિજયભાઈ ઉર્ફે ટી.ટી.મોહનભાઈ શેખવા (ઉ.વ.૩૪) (રહે. તુલસીનગર સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૩/૨૦૨૬ બપોરના ૪/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.પરમાર ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા મોટેરા જોગમાયાનગર વેલજીભાઈવા કુવા ખાતે ઓરડીમાં રહેતા મલખાનસિંઘ બાબુરાવ પ્રજાપતિ (ઉ.વ.૪૮) (મુળ વતન. ગામ–શહાવ તા–જી–જાલોન ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ વાગ્યા પહેલા રહેણાંકની ઓરડીમાં પતરાની નીચે મોભ તરીકેની લોખંડની પાઈપ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિષ્ણુભાઈ મનુભાઈ ચલાવે છે.

રામોલઃ રૂપાજી પુનકરજી ખટીક (ઉ.વ.૬૮) (રહે. રેવાબાનગર સરસ્વતી વિદ્યાલય પાછળ રામરાજ્યનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરિટકુમાર ગણપતસિંહ ચલાવે છે.

વટવાઃ રાજા મુબિન કુરેશી (ઉ.વ.૨૮) (રહે. નુરનગર ગોલ્ડન સિનેમાની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી